-: જાહેરનામું :-

ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.

નંબર વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૯૦ /૨૦૧૬

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવો જેવા કે હૈદરાબાદના દીલસુખનગર ખાતે થયેલ બૉમ્બ બ્લાસ્ટમાં આતંકવાદી તત્વોએ પોતાના મલીન ઈરાદાને અંજામ આપવા માટે સાયકલો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં આ સાયકલો રાખી, બૉમ્બ બ્લાસ્ટ કરી ત્રાસવાદી કૃત્યોને અંજામ આપેલ છે. જેથી સાયકલ/સ્કુટર ખરીદી માટે આવનાર ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે સાયકલના વહેપારીઓએ કોઈ માન્યતા પ્રાપ્ત દસ્તાવેજી પુરાવા જેવા કે રેશનકાર્ડ, ચૂંટણી કાર્ડ જેવા પુરાવા મેળવી તેની ખરાઈ કરી સાયકલ વેચાણ આપે તેમજ સાયકલ વેચનાર વેપારી બિલમાં સાયકલનો પ્રકાર, ચેચીસ નંબર, ગ્રાહકનું પુરૂ નામ-સરનામું અને ટેલિફોન નંબર સાથેની વિગત બિલમાં દર્શાવવી અને આ અંગે સ્કુટર/સાયકલ વેચાણ કરવા તથા બેટરીથી ચાલતા સ્કુટર કે જેમાં આર.ટી.ઓ.નો પાસીંગ નંબર લેવાનો રહેતો નથી તેવા વાહનો વેચનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતી અને દેશની સુરક્ષા માટે થોડા નિયમનો અમલમાં મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું શિવાનંદ ઝા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં-૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં સાયકલ વેચનાર તેમજ બેટરીથી ચાલતા સ્કુટર વેચનાર દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે જ્યારે આવા સાયકલ/સ્કુટર વેચવામાં આવે ત્યારે તેઓએ નીચે મુજબની સુચનાઓનું અવશ્ય પાલન કરવું.

(૧) સાયકલ/સ્કુટર ખરીદનારને અવશ્ય બિલ આપવું અને તેની સ્થળ પ્રત કબજામાં રાખવી.

(૨) વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈલેક્શન કાર્ડ, રેશનકાર્ડ કે નોકરી કરતાં હોય તો ત્યાંનુ ઓળખ પત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવાં કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્યશ્રી, સંસદ સભ્યશ્રી, કોઈપણ ખાતાના રાજયપત્રિત અધિકારીશ્રી તરફથી મેળવેલ ઓળખપત્ર, પ્રમાણપત્ર પૈકી કોઈપણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી આવી સાયકલ/બેટરીથી ચાલતા સ્કુટર વેચાણ કરનારે મેળવવાનો રહેશે.

(૩) બિલમાં ખરીદનારનું પુરૂ નામ-સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર લખવો.

(૪) વેચાણ બિલમાં સાયકલ/સ્કુટરનો ફ્રેમ નંબર/ચેચીસ નંબર અવશ્ય લખવો.

**આ હુકમ તા.૧૮.૧૦.૨૦૧૬ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૬.૧૨.૨૦૧૬ ના કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે સી.આર.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે નોટીસ બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. આ હુકમની જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ આ હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. જી.પી.એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૯ -ઓક્ટોબર-૨૦૧૬ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર